નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના સંવર્ગોમાં સીધી ભરતીથી નિમણૂંક કરી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાગ ઉમેદવારો માટે ૪ ટકા જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/0010/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા:e-sign મુજબ

વંચાણે લીધા:-

1. વિભાગનો તા:૧૮/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૧૨૦૧૪/૩૬૨૩૦/અ
2. વિભાગનો તા:૦૫/૦૭/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૧૨૦૧૪/૩૬૨૩૦/અ
3. વિભાગનો તા:૧૪/૦૫/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૧૨૦૧૪/૩૬૨૩૦/અ
4. વિભાગનો તા:૩૦/૧૨/૨૦૨૨નો પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧ (પાર્ટ - ૬)
5. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૧/૦૨/૨૦૨૬નો પત્રાંક: DDCW/ADMIN/e-file/225/2203/0418/Administrative

આમુખ:-

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૩) પરના ઠરાવોથી વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની વિવિધ સંવર્ગોમાં સીધી ભરતીના કિસ્સામાં The Rights of Persons with disabilities Act, 2016 મુજબ દિવ્યાંગો માટે ૪% અનામત રાખી, કેટેગરી (A,B,C અને D & E) વાઇઝ દિવ્યાંગતા સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના પરિપત્રથી, ગ્રુપ - C માં દરેક વિભાગે પોતાના નિયંત્રણ હેઠળની જગ્યાઓ માટે હલનચલનની દિવ્યાંગતા (Locomotor Disability) માં કરોડરજ્જુની વિકૃતિ (Spinal Deformity - SD) અને કરોડરજ્જુની ઇજા (Spinal Injury - SI) નો સમાવેશ કરવા બાબતની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ. આ અંગે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૩) પરના ઠરાવોમાં દર્શાવેલ વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના તમામ સંવર્ગો ( નાયબ નિયામક (વર્ગ-૧), સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨), આચાર્ય (વર્ગ-૨, આદર્શ નિવાસી શાળા), મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩), સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩), સીનીયર ક્લાર્ક (વર્ગ-૩), જુનીયર ક્લાર્ક (વર્ગ-૩), શિવણ

સંચાલિકા (વર્ગ-૩), મદદનીશ શિક્ષક (માધ્યમિક - આદર્શ નિવાસી શાળા), મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક - આદર્શ નિવાસી શાળા), આચાર્ય (ઉચ્ચતર બુનિયાદી માધ્યમિક શાળા), મદદનીશ શિક્ષક (ઉચ્ચતર બુનિયાદી માધ્યમિક શાળા), જુનીયર ક્લાર્ક (ઉચ્ચતર બુનિયાદી માધ્યમિક શાળા), ફીલ્ડ આસિસ્ટન્ટ (ઉચ્ચતર બુનિયાદી માધ્યમિક શાળા), મદદનીશ શિક્ષક (અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા) માં C કેટેગરીની દિવ્યાંગતામાં Spinal Deformity - SD, Spinal Injury – SI નો ઉમેરો કરવામાં આવે છે. જેમાં Spinal Deformity (SD) and Spinal Injury (SI) without any associated neurological / limb dysfunction; દિવ્યાંગતાનો સમાવેશ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

Spinal Deformity (SD) and Spinal Injury (SI) with any associated neurological /limb dysfunction ના કેસમાં જે તે અંગની નિષ્ક્રિયતા ધ્યાનમાં લઇને સંબંધિત દિવ્યાંગતામાં તેનો સમાવેશ થયેલો ગણવાનો રહેશે. દા.ત. એક હાથ નિષ્ક્રિય હોય તો OA અથવા એક પગ નિષ્ક્રિય હોય તો OL પ્રકારમાં સમાવેશ થયેલો ગણવાનો રહેશે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૩) પરના ઠરાવોની અન્ય તમામ જોગવાઇઓ યથાવત રહેશે.

સદર સુધારા ઠરાવ વિભાગના સચિવશ્રીની તા:૧૭/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સમીર ગરાસિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા. ક. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ ૨૦૨૬